ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
કોલેજ વહીવટ શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર. ગુજરાત રાજ્ય

आजादी का अमृत महोत्सव

જા.ક્ર. :- કવટ/ISC3/એન.ઓ.સી/ ૨૦૨૩-૨૪/ ૨૦૪૨૪-૨૮ તા.૧૦/૧૦/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
શ્રીમતી એન.સી.ગાંધી & શ્રીમતી બી.વી.ગાંધી મહિલા આર્ટ્સ &
કોમર્સ કોલેજ ભાવનગર

વિષય: બિન શૈક્ષણિક વર્ગ-૩ ની જગા ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબત.
સંદર્ભ: ૧. શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ(પા.ફા.), તા.૦૪.૦૫.૨૦૧૬
૨. સંસ્થાની દરખાસ્ત તા. 06/10/2023

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી આ કચેરીના સુચનાનુસાર રજુ કરવામાં આવેલ વખતો વખતની વિગતો આધારે આપના મંડળ સંચાલિત કોલેજમાં નીચે મુજબની વર્ગ-૩ની જગાઓ નીચે જણાવેલ નિયમ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | અનામત કેટેગરી |
|---|---|---|---|
| ૧ | જુ.ક્લાર્ક | 1 | SEBC |
| | | | |

**શરતો: -**

૧) સદર એન.ઓ.સી. અનુદાનિત બી.એડ.કોલેજો માટે સરકારશ્રીના તારીખ:૦૮/૦૮/૧૯૮૩ નાં ઠરાવ તથા અનુદાનિત પ્રવાહની વાણિજ્ય,વિજ્ઞાન,વિનયન,લો કોલેજો અને ખાસ સંસ્થાઓ માટેના સંદર્ભ-૧ના ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓને આધીન તેમજ પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણે આધીન રહેશે.તેમજ આ જગા ઉક્ત ઠરાવોની જોગવાઇઓ મુજબ જ્યાં સુધી વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી તથા ભરાયેલ જગ્યા કોઇપણ કારણસર ખાલી ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.

૨.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગા ભરવા માટે જ આપની કોલેજ કે સંચાલક મંડળ હસ્તકની કોલેજમાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય કોલેજમા સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.

3.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ(પા.ફા.) તા.૦૪/૦૫/૨૦૧૬ ની શરતોને આધીન આપવામાં આવે છે.

આ. નં ......૨૧૨......
તારીખ ૨૬/૧૦/૨૩

૪.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી ચાલુ શકાશે.જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ ગણાશે.

૫.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે.

૬.) શિક્ષણ વિભાગના તારીખ:૦૬/૧૦/૧૯૯૮ ના ઠરાવ ક્રમાક:બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ. અન્વયે આ કચેરીનાં તારીખ:૦૨/૧૧/૧૯૯૯ પરિપત્ર ક્રમાક:ઉબક/ડીપી/(વ.૨)/ક/૮૯-૯૯/૦૦૮ થી ૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિ એ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વ મંજુરી આ કચેરીએ થી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

૭.) સીધી ભરતીથી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગનાં તારીખ:૧૪/૦૩/૧૯૮૯ ના પરિપત્રની જોગવાઇ મુજબ રાજ્ય વ્યાપી પ્રસિધ્ધ દૈનિક વર્તમાન પત્રોમાં જે તે કેટેગરી માટે અનામત રાખી હોય તેનો તેમજ જગ્યાની સંખ્યા અને પગાર ધોરણ નો ઉલ્લેખ કરી નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારેજ અરજી કરવા સ્પષ્ટ જણાવવાનું રહેશે.

૮.) પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તારીખ:૦૩/૦૧/૧૯૯૨ ના પરિપત્રોમા જણાવ્યા મુજબના પ્રતિનિધિને અવશ્ય બોલાવવાના રહેશે.

૯.) આ કચેરીના તારીખ:૨૯/૦૬/૧૯૯૨ની પરિપત્ર ક્રમાક:ઉબક/સરપ્લસ/૯૨-૯૩/ક.૧/૧૨૩૯-૯૨૮ અન્વયે આપેલ સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૦.) આ કચેરીના તારીખ:૧૩/૦૩/૧૯૯૩ નાં પરિપત્ર ક્રમાક:ઉબક/સરપ્લસ/૯૨-૯૩/ક.૧/૬૪૨૮-૯૨૭ અન્વયે આપેલ સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૧.) નિમણુક કરવામાં આવતી જગાની વહીવટી મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેર ખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

૧૨.) આ કચેરીની પુર્વમંજુરી/વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ નિમણુક આપવાની રહેશે તથા નિમણુંક પામના ઉમેદવારની નિમણુંક પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ ની નિયત કરવામ આવેલ વખતો વખત થયેલ સુધારા ઠરાવોના ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં અનુસાર કરવાન રહેશે.

૧૩.) આ પાંચ વર્ષ દરમ્યાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે નહી આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ,વચ્ચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ,બોનસ,એલટીસી,રજાનુ રોકડમાં રૂપાંતર,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને એક્સ્ગ્રેસિયા રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

૧૪.) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર

ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

૧૫.) જે કોલેજમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ કર્મચારીઓને છુટા કરવામા આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

૧૬.) આ જગા હેઠળ નિમણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૧૭.) આ જગા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૮.) આ જગા હેઠળ નિમણુંક પામનારે કાર્ય મથક પર રહેઠાણે ફરજિયાત રહેવાનુ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

૧૯.) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી આઠ કી.મી. બહાર જવાનું થાય તો સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન નિયમોનુસાર ભથ્થા મળવા પાત્ર થશે.

૨૦.) નિમણુંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચુક કરવાની રહેશે.

૨૧.) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

૨૨.) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૨૩.) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનુ રહેશે.

નોંધ ઉપર માન.નિયામકશ્રીના આદેશાનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ રવાના:

-પ્રમુખ/મંત્રીશ્રી, કોલેજ સબંધીત સંચાલક મંડળ,

નકલ સવિનય જાણ સારુ રવાના:

- ઉપ સચિવશ્રી, ખ-શાખા, શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર,
- નાયબ નિયામકશ્રી,(હિસાબ),ડી.પી.શાખા, સદર કચેરી,
- હિસાબી અધિકારીશ્રી, ગ્રાન્ટ/ઓડિટ શાખા, સદર કચેરી,

શ્રેયાન અધિક્ષકના ઈ મેઈલ આઈડી :- ssadmin-che@gujgov.edu.in, kvt.isc3-che@gujgov.edu.in
નાયબ નિયામકના ફોન નંબર :- 079-23253995

Shot on realme X7 5G
2024.01.26 13:34